ક્રમાંક:સ્ટેમ્પ/મલત/૮૮/૦૬/ ૪૦૭૦

સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર–૧૩/સી, "ખ" રોડ,
ગાંધીનગર
તા.૩૦/૧૦/૨૦૦૬

પ્રતિ
નાયબ કલેકટરશ્રી,
સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર,
જિ.....................

વિષય: મુંબઈ સ્ટેમ્પ અધિ. ૧૯૫૮ ની કલમ–૩૨–ક હેઠળ રેફરન્સ થયેલ કેસોમાં પ્રાથમિક મુલ્યાંકનની કામગીરી બાબત

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનુ કે, અત્રેના તા.૯/૮/૨૦૦૬ ના પરિપત્ર અન્વયે કલમ–૩૨–ક ના કેસોમાં પ્લાનીગ આસીસ્ટન્ટ ધ્વારા મુલ્યાંકન કર્યા બાદ નિયમ ૪(૨) ની નોટીસ ઈસ્યુ કરવા સુચના આપવામાં આવેલ છે.

રાજયના કેટલાક જિલ્લામાં પ્લાનીગ આસીસ્ટન્ટની જગ્યાઓ ખાલી છે. તેમજ કેટલાક જિલ્લાઓમાં પ્લાનીગ આસીસ્ટન્ટ ની જગ્યાં ઉપસ્થિત થયેલ નથી. સબબ જે જિલ્લામાં પ્લાનીગ આસીસ્ટન્ટની જગ્યા ઉપસ્થિત થયેલ ન હોય કે ભરાયેલ ન હોય તેવા જિલ્લામાં મુલ્યાંકનની કામગીરીમાં અવરોધ ઉભો ન થાય તે હેતુસર કચેરી અધિક્ષક/ સ્ટેમ્પ નિરીક્ષક કે સબ રજિસ્ટાર ધ્વારા મુલ્યાંકની કામગીરી કરાવવાની રહેશે તેમજ નિયમ ૪ (૨) ની નોટીસ ઈસ્યું કરતી વખતે કચેરી અધિક્ષક/સ્ટેમ્પ નિરીક્ષક કે સ.ર. ધ્વારા મુલ્યાકનના નિયમો તથા યોગ્ય પધ્ધતિ મુજબ કરેલ છે કે નહિ? તેની ચકાસણી

નાયબ કલેકટરશ્રી દ્વારા કર્યા પછી જ નિયમ ૮ (૨) મુજબની નોટીસ ઈસ્યું કરવાની રહેશે, આ બાબતની તમામ જવાબદારી સંબંધિત નાયબ કલેકટરશ્રી ના રહેશે તેની જાણ થવા વિનંતી છે.

નાયબ સુપ્રિ. ઓફ સ્ટેમ્પસ

ગુ.રા. ગાંધીનગર